





# કલ્ચરલ ફોરમના નવદિક્ષિત કલાકારોનો અભિવ્યકિત કાર્યક્રમ

## શહેરના મેયર, ધારાસભ્ય, અને ગુડાના ચેરમેનના હસ્તે નવદિક્ષિત કલાકારોને પ્રમાણપત્ર એનાયત કરાયા

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર કલ્ચરલ ફોરમ દ્વારા સંચાલિત કલ્ચરલ સ્કૂલ ઓફ એકટીંગ, મ્યુઝીક, ડ્રાઈંગ એન્ડ પેંઈન્ટીંગ, ડાન્સ સહિત પર્સનાલીટી ડેવલપમેન્ટના નવદિક્ષિત કલાકારોનો અભિવ્યકિત કાર્યક્રમ સોમવારના રોજ રાત્રે ટાઉનહોલ ખાતે યોજાયો હતો. ૭ માસની તાલિમ મેળવેલા સ્કૂલ ઓફ એંકટીંગના નાના ભુલકાઓએ

● અનુસંધાન પાના - ૭ પર

# માંડવી રેપ વીથ મર્ડર કેસની ન્યાયિક તપાસ કરવા 'પાસ'ની માંગ

## પાટીદાર અનામત આંદોલન સમિતિએ રાજ્યના પોલીસ વડાને આવેદનપત્ર સુપ્રત કર્યુ : એસપીજીએ ગૃહમંત્રીને આવેદન આપ્યું

ગાંધીનગર, તા. ૨૦

માંડવી ગામે એક મહિલા પર બળાત્કાર ગુજારી કરવામાં આવેલ ક્રૂર હત્યા પ્રકરણમાં ઝડપી અને મુખ્યમંત્રી, ગૃહમંત્રી અને ડીજીપીને આવેદન સુપ્રત કર્યુ હતુ.

ગારીયાધાર તાલુકાના માંડવી ગામે એક મહિલા પર બળાત્કાર



ગુજારીને તેણીની કરપીણ હત્યા કરી દેવામાં આવી હતી. આ ઘટનામાં આજ દિન સુધી કોઈ આરોપીઓ પકડાયા નથી. આ ઘટનાને ઓગણીસ દિવસ થઈ જવા છતા તપાસના નામે મીંડુ હોવાથી પાટીદાર અનામત આંદોલન સમિતિ (પાસ)ના કાર્યકરો દ્વારા રાજ્ય પોલીસ વડાને જ્યારે સરદાર પટેલ ગ્રુપ (એસપીજી) દ્વારા ન્યાયીક તપાસ થાય તે માટે 'પાસ' અને 'એસપીજી' દ્વારા ડીજીપી અને ગૃહમંત્રીને મળીને આવેદનપત્ર પાઠવવામાં આવ્યુ હતુ. પાસના કાર્યકરોએ ડીજીપીને આવેદન આપ્યું હતું જ્યારે એસપીજીએ આજે મુખ્યમંત્રી, ગૃહમંત્રી અને રાજ્ય પોલીસ વડાને આવેદનપત્ર પાઠવવામાં આવ્યું છે. તે ઉપરાંત આઈજીપી કક્ષાના ઉચ્ચ પોલીસ અધિકારીને આ ઘટનાની તપાસ સોંપવા માંગ કરવામાં આવી છે.

# હરિની દ્રષ્ટિ...

- હરિન ભટ્ટ




સાંભળો, આજે પાંચ હજાર બેંકમાં ભરી શકોય એવો કાયદો છે.. એટલે રસ્તામાં ગપ્પા મારવા ચ્હા પીવા ન ઊભા રહેતા... કાયદો બદલાઈ જશે તો નાહક ધક્કો પડશે...!!

# વાઈબ્રન્ટ પહેલા શહેરના તમામ ૨૩૦ સીસીટીવી કેમેરા ચાલુ કરી દેવાશે

## શહેરમાં થતી પળેપળની હિલચાલ માર્ગો પર લાગેલા કેમેરામાં કેદ થશે : સુરક્ષાના હેતુથી સતત મોનીટરીંગ કરવામાં આવશે

ગાંધીનગર, તા. ૨૦

શહેરમાં મહાનગરપાલિકા અને સુરક્ષા સેતુ પ્રોજેક્ટના સંયુક્ત ઉપક્રમે ઠેર ઠેર એચ.ડી. સીસીટીવી કેમેરા લગાડી દેવામાં આવ્યા છે. શહેરના મુખ્ય માર્ગો પર ૨૩૦ સીસીટીવી કેમેરા લગાડવાની કામગીરી ઘણા સમય પહેલા પૂર્ણ થઈ ગઈ હતી પરંતુ કનેક્શન હજુ બાકી છે. વાઈબ્રન્ટ સમિટ પહેલા આ તમામ સીસીટીવી કેમેરા ચાલુ કરી દેવાની ગતિવિધિ તેજ કરવામાં આવી હોવાનું સુત્ર પાસેથી જાણવા મળ્યુ છે.

વાઈબ્રન્ટ સમિટ-૨૦૧૭માં પાટનગરમાં વીવીઆઈપી મહાનુભાવોના આગમન થશે અને બિઝનેસ એમ.ઓ.યુ. માટે દેશ-વિદેશના બિઝનેશમેન તથા ડેલીગેટ્સ ઉપરાંત પ્રધાનમંત્રી પણ આવનાર છે. જાન્યુઆરીમાં યોજાનાર સમિટમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે અને કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે હેતુસર કડક પોલીસ પહેરો તથા સઘન વાહન ચેકીંગ કરવામાં આવશે. તે ઉપરાંત શહેરની તમામ હિલચાલ સીસીટીવી કેમેરામાં કેદ થઈ જાય તે માટે વિવિધ માર્ગો તથા સર્કલો પર લગાડવામાં આવેલા ૨૩૦ સીસીટીવી કેમેરા કાર્યરત કરવા તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. તે ઉપરાંત આ તમામ કેમેરાનું સતત પોલીસ દ્વારા બારીકાઈથી મોનીટરીંગ કરવામાં આવશે તેવુ સુત્રો પાસેથી જાણવા મળ્યું છે.

# દર્દીના સગા પાસેથી રૂપિયા લેતા બે ડૉક્ટરને હોસ્પિટલમાંથી હાંકી કઢાયા

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ઓપરેશન કરી આપવાની સામે દર્દીના સ્નેહીજન પાસેથી રૂપિયા પડાવવાનો કારસો ચલાવવામાં આવે છે. હોસ્પિટલમાં ઓર્થોપેડિક વિભાગમાં આવી ફરિયાદો ઉઠી છે. ત્યારે આજે હોસ્પિટલમાં એક દર્દીના સગાએ ડૉક્ટર્સ રૂપિયા ઉઘરાવતા હોય તેવી વિડિયો કલીપ સાથે લેખીતમાં સિવિલના સુપ્રિટેન્ડન્ટને ફરિયાદ કરી છે. ત્યારે સિવિલના સુપ્રિટેન્ડન્ટે આ ફરિયાદને ગંભીરતાથી લઈ રૂપિયા ઉઘરાવી રહેલા બે ડૉક્ટરોને તાત્કાલિક અસરથી છુટા કરી દેવામાં આવ્યા છે. ત્યારે આ સમગ્ર કૌભાંડમાં સામેલ અન્ય સામે કાર્યવાહી થશે ખરી ? તે પ્રશ્ન સૌ કોઈના મનમાં ઘુમરાયા કરે છે.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલ હોસ્પિટલમાં રોજના હજારો દર્દીઓ આવે છે. કરોડો રૂપિયાના ખર્ચે તૈયાર થયેલ હોસ્પિટલ જિલ્લાના દર્દીઓ માટે આશિર્વાદરૂપ સમાન સાબિત થઈ છે. ત્યારે હોસ્પિટલના જ કેટલાક ડૉક્ટર્સ દર્દીઓ પાસેથી રૂપિયા ઉઘરાવી અન્ય ડૉક્ટર્સને પણ શરમમાં મુકી રહ્યા છે. ગાંધીનગર હોસ્પિટલમાં આવતા બી.પી.એલ. કે અન્ય દર્દી પાસેથી કોઈપણ પ્રકારનો ચાર્જ



લેવામાં આવતો નથી. અને ચાર્જ વસુલવામાં આવે છે તો તેની રસીદ આપવામાં આવે છે. ત્યારે ઓર્થોપેડીક વિભાગમાં પણ ઓપરેશનનો કોઈ ચાર્જ દર્દીએ ચુકવવાનો હોતો નથી. પરંતુ છેલ્લા ઘણા સમયથી ગાંધીનગર હોસ્પિટલના ઓર્થોપેડીક વિભાગમાં ફરજ બજાવતા ડૉક્ટર્સ દ્વારા હોસ્પિટલમાં આવતા ઓર્થોપેડીકના દર્દીઓ પાસેથી રૂપિયાનું ઉઘરાણું શરૂ કર્યુ હતુ. બીપીએલ કાર્ડ ધારક દર્દી હોય કે સામાન્ય દર્દી ઓપરેશન કરાવનાર તમામ દર્દીઓએ રૂપિયા હોય કે ના હોય આઘા-પાછા કરીને પણ રૂપિયા આપવા પડે છે. જ્યારે હોસ્પિટલમાં ચાલતા આ રેકેટની સિવિલના ઉચ્ચ અધિકારીઓને ખબર હોવા છતાં આંખ આડા કાન કરી રહ્યા છે. જેને પગલે ઓર્થોપેડીક વિભાગમાં ગોરખધંધો ડૉક્ટર્સ દ્વારા પુરબહારમાં ચલાવવામાં આવતો હતો.

હોસ્પિટલમાં જ્યારે ઓર્થોપેડીક વિભાગમાં દર્દી ઓપરેશન માટે દાખલ થાય ત્યારે તેની આર્થિક સદ્ધરતા જોઈને ડૉક્ટર્સ દ્વારા ઓપરેશનનો ભાવ કહેવામાં આવતો હતો. બાદમાં કોઈક દર્દીને વધુ પડે તો રકઝક બાદ ડૉક્ટર્સ સેટ કરી દેતા હતા. જેથી દર્દી કે સગા નીચે ઉચ્ચ અધિકારીઓ સુધી ફરીયાદ કરવા જાય નહી. અને રકમ સરળતાથી દર્દી પાસેથી મેળવી શકાય. ત્યારે ગઈકાલે દર્દીને પગમાં ફેક્ચર થવાથી તેનું ઓપરેશન કરવામાં આવ્યું હતું. અને દર્દીના સગાને ઓપરેશનની ફી પેટે ૬ હજાર નક્કી કરાયા હતા. પરંતુ ત્યારબાદ રકઝક બાદ મામલો સાડા ત્રણ હજારે આવીને અટકી પડ્યો હતો. દર્દીના સગાએ ડૉક્ટર્સ જ્યારે રાઉન્ડમાં આવ્યા ત્યારે તેમને ત્રણ હજાર રૂપિયા આપ્યા હતા અને ડૉક્ટરે રૂપિયા લીધા હતા. આ વિડીયો ઉતારી દેવાયો હતો. જેથી ગભરાઈ ગયેલા ડૉક્ટરે રૂપિયા પાછા આપી દીધા હતા. જો કે દર્દીના સગાએ વિડિયો કલીપીંગ સાથે લેખીતમાં ડૉ. બિપિન નાયક (સિવિલ સુપ્રિટેન્ડન્ટ)ને ઉચ્ચકક્ષાએ ફરીયાદ કરી હતી. જેને પગલે સિવિલના સત્તાધિશે કડક કાર્યવાહી હાથ ધરી છે અને વિડીયો કલીપીંગમાં દર્દીના સગા પાસેથી રૂપિયા લેતા દેખાતા સિનિયર અને જુનીયર ડૉક્ટર્સને તાત્કાલિક અસરથી છુટા કરી દેવામાં આવ્યા છે. ત્યારે ગાંધીનગર હોસ્પિટલમાં ઘણાય કૌભંડો ચાલી રહ્યા છે તેવું હોસ્પિટલમાં ચર્ચાય છે. ત્યારે આગામી સમયમાં સિવિલના સત્તાધિશ કોઈ કાર્યવાહી કરશે ખરા ? તે તો આગામી સમયમાં જોવુ રહ્યું.

# બાલવા ખાતે શ્રીમદ્ ભાગવત સપ્તાહ પારાયણનું આયોજન

ગાંધીનગર, તા. ૨૦

શ્રી નરનારાયણ દેવ યુવક મંડળ, બાલવા તથા સમસ્ત સત્સંગ સમાજ બાલવા દ્વારા ૧૨મા શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞાનું આયોજન તા. ૨૧થી ૨૭ ડિસેમ્બરના રોજ બાલવા સાર્વજનિક દવાખાનાના પટાંગણમાં કરવામાં આવ્યું છે. આ ધાર્મિક પ્રસંગે રાજયભરમાંથી સત્સંગી ભકતો મોટી સંખ્યામાં પધારશે.

બાલવા ગામે પ.પૂ.ધ.ધૂ. ૧૦૦૮ આચાર્યમહારાજની આજ્ઞાથી બાલવા ખાતે તા. ૨૧થી ૨૭ ડિસેમ્બર દરમિયાન ૧૨મા શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞનું આયોજન કરવામાં આવ્યુંછે. જેમાં દરરોજ બપોરે ૧.૩૦ થી ૩.૩૦ તેમજ રાત્રે ૮ થી ૧૦ કલાક જ્ઞાનયજ્ઞ કથા યોજાશે. જયારે તા. ૨૧ના રોજ બપોરે ૧૨.૩૦ કલાકે યજમાનના ઘરેથી કથા મંડપ સુધી ભવ્ય પોથીયાત્રા નીકળશે. તા. ૨૪ના રોજ બપોરે ૩.૩૦ કલાકે શ્રીરામ જન્મોત્સવ અને સાંજે શ્રી કૃષ્ણ જન્મોત્સવ યોજાશે. તા. ૨૬ને સોમવારના રોજ શ્રી રૂક્ષમણી વિવાહ રાત્રે ૧૦ કલાકે યોજાશે. પ.પૂ. મહારાજનું તા. ૨૭ના રોજ સવારે ૮.૩૦ કલાકે આગમન થશે. ત્યારબાદ પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના હસ્તે ઠાકોરજીનો અભિષક સવારે ૯ કલાકે યોજાશે. અન્નકુટ દર્શન સવારે ૧૧ કલાકે થશે. મહાપ્રસાદ તા. ૨૭ના રોજ બપોરે ૧૧ કલાકે યોજાશે. જયારે આ જ્ઞાનયજ્ઞ સપ્તાહ દરમિયાન શહીદોને શ્રધ્ધાંજલિ, વ્યસનમુકિત, સાક્ષરતા અભિયાન, બેટી બચાવો અભિયાન, સ્વચ્છતા, જળ બચાવો સહિતના અભિયાન વિવિધ દિવસે યોજાશે. આ સપ્તાહ અંતર્ગત વિવિધ સુંદર મેસેજ થકી નાગરિકોમાં જાગૃતિ ફેલાવવામાં આવશે. આ પારાયણના યજમાન તરીકે ચૌધરી માઘાભાઈ કાળાભાઈ પરિવાર, પટેલ અંબાલાલ ગોપાળદાસ પરિવાર અને ચૌધરી સેંધાભાઈ બાબુભાઈ પરિવારે સાથ અને સહકાર પુરો પાડયો છે. આ ધાર્મિક પ્રસંગે મોટી સંખ્યામાં ભાવિ ભકતોને લાભ લેવા નરનારાયણદેવ યુવક મંડળ દ્વારા અનુરોધ કરાયો છે.

# આવતીકાલે સાયન્સ કોલેજમાં જિલ્લાકક્ષાની વકતૃત્વ સ્પર્ધા યોજાશે

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગરના નેહરુ યુવા કેન્દ્ર દ્વારા તા. ૨૨મી ડિસેમ્બર ગુરૂવારે બપોરે ૧ વાગે સેકટર-૧૫ની સરકારી વિજ્ઞાન કોલેજ ખાતે "દેશભક્તિ અને રાષ્ટ્રનિર્માણ"માં યુવાનોની ભૂમિકા" વિષયે વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે.

આ સ્પર્ધા પ્રજાસત્તાક દિન-૨૦૧૭ને અનુલક્ષીને યોજવામાં આવી રહી છે જેમાં જિલ્લા કક્ષાની સ્પર્ધામાં પ્રથમ ક્રમાંકે વિજેતા સ્પર્ધકને રૂ. ૫ હજાર, દ્વિતિય ક્રમાંકે વિજેતાને રૂ. ૨ હજારનું અને તૃતીય ક્રમાંકે વિજેતાને રૂ. ૧ હજારનું ઈનામ તથા પ્રમાણપત્ર એનાયત કરાશે. સ્પર્ધક આ સ્પર્ધામાં હિન્દી અથવા અંગ્રેજીમાંથી કોઈપણ ભાષામાં પોતાનું વક્તવ્ય રજૂ કરી શકશે તેમજ વધુમાં વધુ ૧૦ મિનિટમાં વક્તવ્ય રજૂ કરવાનું રહેશે. જિલ્લા કક્ષાની સ્પર્ધાના વિજેતાઓ રાજ્યકક્ષાએ ભાગ લેશે.

# નૈસર્ગિક સ્વાસ્થ્ય મંડળનો સ્નેહમિલન ૧લી જાન્યુઆરીએ

ગાંધીનગર, તા. ૨૦

નૈસર્ગિક સ્વાસ્થ્ય મંડળના સ્થાપના દિવસો સ્નેહમિલન સમારોહનું આયોજન આગામી તા. ૧લી જાન્યુઆરીના રોજ ગૂજરાત વિદ્યાપીઠ, રાંધેજા ખાતે કરવામાં આવ્યું છે.

આ પ્રસંગે પ્રાકૃતિક નાડી ચિકિત્સક વિશ્વાસ જોષી નાડી પરીક્ષણ દ્વારા રોગોનુંનિદાન કરશે અને સારવાર આપશે. આ ઉપરાંત માટી, લોકલ સ્ટીમ અને શેક વગેરેની કુદરતી સારવાર આપવામાં આવશે. કાર્યક્રમમાં હાજર રહેવા માટે દરેક સભાસદે રજીસ્ટ્રેશન કરાવવું ફરજીયાત છે. રજીસ્ટ્રેશન ફી રૂ. ૫૦ રાખવામાં આવી છે. રજીસ્ટ્રેશન તા. ૨૦થી ૨૫ ડિસેમ્બર દરમ્યાન કરવામાં આવશે. રજીસ્ટ્રેશન માટે વર્ષાબેન દવે મો. નં. (૯૪૨૭૦ ૭૦૨૫૫, ૯૪૨૭૨૮૩૪૩૫), રણછોડભાઈ રાણા (૯૬૮૭૯ ૨૪૨૧૧) તથા ડૉ. ધર્મેશ પટેલ (૯૪૨૭૫૨૧૩૭૭)નો સંપર્ક કરવા જણાવાયુ છે.